# આસપાસ ચોપાસ




## પાટ ગામની ગંગાજમુની તહઝીબ: જ્યાં વર્ષોથી હિંદુ-મુસ્લિમ વચ્ચે ભાઈચારો છે

ગુજરાતના છેલ્લા સરહદી વિસ્તાર સાગબારા તાલુકાના પાટ ગામમાં વસતા હિંદુ અને મુસ્લિમ સમાજે સાબિત કર્યું છે કે સાચી ભાઈચારો કોઈ ધર્મ કે જાતિથી નહીં, પણ માનવીય મૂલ્યોથી બંધાય છે. પાટ ગામમાં મુસ્લિમોની વસતીનો પાયો રજવાડાકાળ દરમિયાન મેવાસી સ્ટેટના રાજવી કરણસિંહ ઠાકોરના શાસનકાળમાં નંખાયો હતો. ઐતિહાસિક દૃષ્ટિએ આ સ્થળાંતર સંભવત: વેપાર, ખેતી કે રક્ષણાત્મક સંબંધોનું પરિણામ હોઈ શકે. ખાસ નોંધનીય છે કે આજે પણ 30% મુસ્લિમ વસતીએ પોતાની ઓળખ જાળવી રાખી છે, જે દર્શાવે છે કે ઇતિહાસે અહીં વિભાજન નહીં, પણ સંકલિત સમાજનો પાયો નાંખ્યો હતો. પાટ ગ્રામ પંચાયતમાં મકરાણી પરિવાર વર્ષ-2011થી 2026 સુધી બિનહરીફ સભ્ય તરીકે ચુંટાઈ આવે છે. આ લોકશાહીની અસાધારણ ઘટના છે. તેમના વડીલ આમીન મકરાણી લગભગ 30 વર્ષ પંચાયત સભ્ય રહ્યા. આ વારસાગત રાજકીય સ્વીકૃતિ સૂચવે છે કે ગામજનોએ ધર્મને નહીં, પણ સેવા અને સહયોગને મતદાનનો આધાર બનાવ્યો. તેમના દાદા આ ગામના પ્રથમ મુસ્લિમ પરિવાર તરીકે આવ્યા હતા અને આજે ત્રણ પેઢીઓ સુધી સક્રિય યોગદાન આપીને તેમણે 'પોતાપણા'નો અધિકાર મેળવ્યો છે. આશરે 55 મુસ્લિમ કુટુંબ મુખ્યત્વે ખેતી અને શ્રમજીવી વ્યવસાયો સાથે જોડાયેલા છે. આ આર્થિક સમાનતા સામાજિક સંતુલન જાળવવામાં સહાયક બની છે. 70 વર્ષ જૂની મસ્જિદ ધાર્મિક ઓળખનું કેન્દ્ર છે, પરંતુ તે ક્યારેય વિભાજનનું કારણ ન બની. ઊલટું તે સ્થાનિકતાનો ભાગ બની ગઈ છે. હોળી અને દિવાળી બંને સમાજો દ્વારા સંયુક્ત રીતે ઉજવાય છે. કોઈ ભેદભાવ નહીં. મુસ્લિમ પરિવારોના નિકાહ પ્રસંગે ફરજિયાત હિંદુ શુદ્ધ સાત્વિક રસોઈ બને છે. આજે પણ ગામમાં નોનવેજ વેચાતું નથી. આજ સુધી ક્યારેય તકરાર ન થતાં કોઈ ઘટના પોલીસ સ્ટેશન સુધી પહોંચી નથી. સમાજશાસ્ત્રીય દૃષ્ટિએ આ 'સંઘર્ષમુક્ત ઝોન'નું ઉત્તમ ઉદાહરણ છે, જ્યાં સામાજિક નિયંત્રણ પોલીસ કરતાં સ્થાનિક સહિષ્ણુતા દ્વારા વધુ અસરકારક છે. પાટ ગામ એક જીવંત આશા છે કે ભારતની ગંગાજમુની તહઝીબ હજુ જીવિત છે અને તે શાંતિ અને સમૃદ્ધિનું શિખર છે.



## સાગબારાના મેવાસી સ્ટેટની ગાથા: જ્યાં રાજવીનું સપનું અને જૈન પરિવારની કર્મભૂમિ એક થયાં

સાગબારાના મેવાસી સ્ટેટ અને ત્યાંના રાજવી કરણસિંહ ઠાકોરે પોતાના વિસ્તારમાં 'સમાંતર વ્યવસ્થા' ઊભી કરવાની તમન્ના રાખી હતી. આ સપનાને સાકાર કરવા માટે તેમણે લગભગ એક સદી પહેલાં બકતારમલ ફોજમલ જૈનને પોતાના સ્ટેટના આંગણે આમંત્ર્યા હતા. સદી પહેલાંનો સમય-રજવાડાં પોતાની સ્વતંત્ર પ્રશાસન પદ્ધતિ ધરાવતા હતા. રાજવી કરણસિંહ ઠાકોર માત્ર શાસક ન હતા, પણ દૂરદર્શી વ્યક્તિ હતા. તેઓ ઇચ્છતા હતા કે તેમનો વિસ્તાર આર્થિક અને સામાજિક રીતે પણ નિર્ભર બને. આ માટે તેમને એક દક્ષ વ્યાપારીની જરૂર હતી, જે સ્થાનિક લોકો સાથે મળીને વ્યવસાયિક ઇકો સિસ્ટમ ઊભી કરી શકે. ત્યારે તેમની નજર મહારાષ્ટ્રના બકતારમલ ફોજમલ જૈન પર પડી, જે પોતાની પ્રામાણિકતા અને વ્યાપાર-કુશળતા માટે જાણીતા હતા. રાજવીએ તેમને સ્ટેટના આંગણે દુકાન ચલાવવા આમંત્રણ આપ્યું, અને આ નિમંત્રણે જ જાણે બે વિશ્વને જોડી દીધાં. બકતારમલ જૈને રાજવીના સ્ટેટમાં પોતાના માટે પાટ ગામ પસંદ કર્યું. તેઓ માત્ર વેપાર માટે નહીં, પણ અહીંના લોકોના જીવનમાં દૂધમાં સાંકળની જેમ ભળી જવા માગતા હતા.આ સપનું ધીમે ધીમે સાકાર થવા લાગ્યું, કારણ કે બકતારમલ અને તેમના વંશજોએ ગામને પોતાની કર્મભૂમિ માની લીધું. આજે તે જ પરિવારના 83 વર્ષીય જવરીમલ શેઠ (જૈન) પાટ ગામમાં નિવાસ કરે છે. તેઓ પોતાના દાદા-પિતાજીના માર્ગે ચાલતાં, ગામના દરેક શુભ-અશુભ પ્રસંગે ઉપસ્થિત રહે છે.આજની પેઢી તેમને 'ગામના વડીલ' તરીકે સન્માન આપે છે.

# પાટની આદર્શ પ્રાથમિક શાળા: ગામડાંનું ડિજિટલ સ્વપ્ન
















સ્વતંત્ર ભારતનું સ્વપ્ન સાકાર થયું ત્યારે દેશભરમાં શિક્ષણનો પ્રકાશ પહોંચાડવાનો જુસ્સો હતો. તે સમયે મહારાષ્ટ્ર અને ગુજરાત સંયુક્ત રાજ્ય હતાં. સાગબારા તાલુકાના ડોમન (દમણ) નદીને કાંઠે વસેલા પાટ ગામમાં તા.6-12-1948ના રોજ પ્રાથમિક શાળાની સ્થાપના થઇ. આજે તે શાળા ગ્રામીણ શિક્ષણનું આદર્શ ઉદાહરણ બની છે. સ્વાતંત્ર્યોત્તર યુગમાં ગામડે-ગામડે શાળાઓ ઊભી થવા લાગી. પાટ ગામમાં પણ પ્રાથમિક શાળાની શરૂઆત વાંસના ખપેડાવાળા ઓરડામાં થઈ. સમય બદલાયો અને ગુજરાત રાજ્ય અલગ થયું, પણ આ શાળામાં શિક્ષણની જ્યોત સતત પ્રજ્વલિત રહી. ગામના લોકોમાં અક્ષરજ્ઞાનની ભૂખ એટલી જાગી કે આજે આ શાળા બેનમૂન બની છે. આજે આ શાળા યુગની ગતિ સાથે ચાલી રહી છે. અહીં ધોરણ-1થી 8ના 175 વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. પાટ ગામ સહિત ઘોડમૂંગ, કેલ અને ભવરીસાવર બાળકો અભ્યાસ અર્થે આવે છે. આજે તો આ શાળામાં સ્માર્ટ બોર્ડ દ્વારા ડિજિટલ શિક્ષણ આપવામાં આવે છે. બાળકો હવે ટેક્નોલોજી સાથે જોડાઈને કમ્પ્યૂટર પર ઈમેલ અને શૈક્ષણિક વસ્તુઓ આપોઆપ શીખવા માંડ્યાં છે. પાટની આ શાળાને તાલુકા કક્ષાએ 'સક્ષમ શાળા'નો એવોર્ડ એનાયાત થયો હતો. પાટ પ્રાથમિક શાળાએ વિજ્ઞાન મેળામાં તાલુકામાં પ્રથમ અને જિલ્લામાં દ્વિતીય નંબર મેળવ્યો હતો. ગણિત-વિજ્ઞાનના શિક્ષક દિવ્યેશભાઈ પટેલે વિજ્ઞાન મેળામાં નવતર પ્રયોગો દ્વારા શાળાને મોખરાનું સ્થાન અપાવ્યું. CET પરીક્ષામાં દર વર્ષે વિદ્યાર્થીઓ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરે છે. પરીક્ષાર્થી માર્ગદર્શક તરીકે કૈલાશભાઈ દ્વારા કરવામાં આવે છે. શાળાના સાત સ્ટાફ સભ્યો બાળકોના સર્વાંગી વિકાસ માટે સમર્પિત છે. શિક્ષક મેહુલભાઈ ચૌધરી પોતાની કુનેહથી રમતગમત અને શારીરિક ફિટનેસમાં બાળકોને ટોચ અપાવે છે. આ શાળામાં એવો અભિગમ છે કે દરેક બાળકમાં કોઈ ને કોઈ સ્કીલ હોય છે. ફક્ત તેને ઓળખવાની જરૂર છે. આ શાળાનું આચાર્ય પદ દક્ષાબેન વસાવાના હાથમાં છે. શાળામાં 348 જેટલાં પુસ્તકો ધરાવતી અદ્યતન લાયબ્રેરી આવેલી છે, જેમાં બાળકો પણ અવનવાં પુસ્તકો વાંચતા હોય છે. બાળકોને ગણિત સાથે વિજ્ઞાન માટે પ્રયોગો માટે પ્રયોગશાળા પણ આવેલી છે. તાજેતરમાં નર્મદાનાં DDO રવિન્દ્રસિંહ જાડેજા પ્રવેશોત્સવમાં આવ્યાં હતાં. તેમણે શાળાની તમામ પ્રવૃત્તિઓ જોઈને વખાણ કર્યાં અને આ શાળાને 'શ્રેષ્ઠ શાળા'ની ઉપમા આપી છે. આ શાળાએ સ્માર્ટ ક્લાસ અને AI લેબ સુધીની સફર કરી છે.

## કર્મ અને સેવાની સાતપુડા તળેટી: શિક્ષક કલ્પેશભાઈ તડવીની અલગ માટીની યાત્રા



કોઈ પણ મનુષ્યની ઓળખ તેના જન્મ સ્થાનથી નહીં, પરંતુ તેના કર્મ અને સમાજ માટેના યોગદાનથી થાય છે. આ વાતને સાર્થક કરી બતાવી છે, સાગબારા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ અને શિક્ષક કલ્પેશભાઈ મહેન્દ્રભાઈ તડવીએ. મૂળ ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકાના દત્તનગરના વતની હોવા છતાં, તેમણે પોતાનું સમગ્ર જીવન કર્મભૂમિ સાતપુડાની તળેટીમાં વસેલા પાટ ગામમાં ભોગવ્યું છે. 51 વર્ષીય આ અલગ માટીના માનવીએ શિક્ષણ અને સામાજિક કાર્યોના માધ્યમથી આદિવાસી વિસ્તારમાં નોંધપાત્ર પરિવર્તન લાવ્યું છે. કલ્પેશભાઈનો જન્મ નેત્રંગ તાલુકાના દત્તનગર ગામે એક સામાન્ય આદિવાસી પરિવારમાં થયો. બાળપણમાં તેમનાં દાદીમા સ્વ. મંગીબેન ભાઈલાલ વસાવા તેમને વાલિયા લઈ ગયાં, જ્યાં તેમણે પ્રાથમિક શિક્ષણ મેળવ્યું. બાળપણથી જ તેમનામાં નવી પ્રવૃત્તિઓ પ્રત્યે જિજ્ઞાસા હતી. અભ્યાસમાં તેઓ અત્યંત હોંશિયાર હતા. ધોરણ 5 થી 10 સુધીનું માધ્યમિક શિક્ષણ વાલિયાની શ્રી રંગ નવચેતન વિદ્યામંદિરમાં લીધા બાદ, તેઓ SSC બોર્ડની પરીક્ષામાં 72.71 ટકા ગુણ મેળવ્યા હતા.તેમને આદર્શ શિક્ષક બનવાની તમન્ના હતી. આ માટે તેમણે સર જે.જે. સોરાબજી પીટીસી કોલેજ, સુરતમાં પ્રવેશ લીધો. અહીં પણ તેમણે શ્રેષ્ઠ શિક્ષક કેવી રીતે બની શકાય, તેનો મનોમન સંકલ્પ કર્યો અને ડિસ્ટિંક્શન સાથે અભ્યાસ પૂર્ણ કર્યો. વર્ષ 1992 થી 1997 દરમિયાન, આઝાદી બાદ સ્થપાયેલ ભરૂચ જિલ્લા આદિવાસી સેવા સંઘના સ્થાપક સ્વ. રત્નસિંહ મહીડા દ્વારા સ્થાપિત શ્રી રંગ આશ્રમશાળા, પાટ ખાતે શિક્ષક તરીકે કારકિર્દીની શરૂઆત કરી. અહીં તેઓ બાળકોના સર્વાંગી વિકાસ માટે પ્રયત્નશીલ રહ્યા. સાથે સાથે, તેઓએ ધોરણ 12 અને પછી અંકલેશ્વરની કડકિયા કોલેજમાંથી આર્ટ્સમાં સ્નાતકની પદવી પણ મેળવી. વર્ષ 1997માં, કલ્પેશભાઈને નર્મદા જિલ્લા પંચાયત હસ્તક, સાગબારા તાલુકાના છેલ્લા ગામ ખોપીની પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે નિમણૂક મળી. અહીં એક ગમગીન વાત એ હતી કે, તેઓ પાટ ગામે રહેતા હતા અને ખોપી સુધીનો લાંબો પ્રવાસ કરીને 8 વર્ષ સુધી સેવા આપી. 2005માં તેમની બદલી પાટની નજીક આવેલી નાનકડી કેલ પ્રાથમિક શાળામાં થઈ. અહીં તેમણે શાળાને 'ગ્રીનરી' અને 'કલરફૂલ' બનાવી, જે જોવા લાયક છે. તેમના વ્યક્તિત્વની સૌથી મોટી ખાસિયત તેમની સંગઠન કુશળતા છે. તેઓ સાગબારા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ સાથે બે દાયકાથી વધુ સમયથી સક્રિય રીતે જોડાયેલા છે. તેમની કાર્યકુશળતાના કારણે, શિક્ષક સમૂહે તેમના પર વિશ્વાસ વ્યક્ત કર્યો. તેઓ 11 વર્ષ ઉપપ્રમુખ, 6 વર્ષ મંત્રી અને છેલ્લાં 5 વર્ષથી પ્રમુખપદે બિરાજમાન છે. આ પદ પર રહીને તેમણે શિક્ષકોના હિતો માટે સાતત્યપૂર્ણ પ્રયાસો કર્યા છે.શિક્ષણની સાથોસાથ, કલ્પેશભાઈ પાટ ગામ અને સાગબારા તાલુકાના સામાજિક વિકાસ માટે હંમેશાં તત્પર રહે છે. તેમણે અનેક સેવાકીય પ્રોજેક્ટ્સ માટે 'કડી'નું કામ કર્યું છે.જેમાં સુરતના ગોવિંદભાઈ ધોળકિયાના રામકૃષ્ણ વેલ્ફેર ટ્રસ્ટ દ્વારા પાટ ગામે મેડિકલ કેમ્પનું આયોજન,સદ્વિચાર સેવા ટ્રસ્ટ (પલસાણા) અને સ્વ. ગિરીશભાઈ એમ. નાઈક દ્વારા સાગબારા તાલુકાની તમામ પ્રાથમિક શાળાઓ અને આશ્રમશાળામાં નોટબુક, તેમજ 100 ગાદલાનું વિતરણ અને નાંદોદનાં ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખના ટ્રસ્ટ દ્વારા છેલ્લાં ચાર વર્ષથી બાળકોને શૈક્ષણિક કીટ, ધાબળા સહિતની આવશ્યક વસ્તુઓનું વિતરણ ભાવનાત્મક જોડાણ કર્યું. લગભગ 34 વર્ષથી પાટમાં વસતી કલ્પેશભાઈ આ ગામને પોતાનું ગણાવે છે. તેમના શબ્દોમાં, "પાટ ગામ જુદા જ મિજાજનું ગામ છે. અહીંની નવી પેઢી સારું ભણીને નવા ક્ષેત્રોમાં ઝંપલાવી ઓળખ ઉભી કરી રહી છે. મારા મતે આ ગામ રહેવા માટે શ્રેષ્ઠ છે." તેમનો આ દૃષ્ટિકોણ દર્શાવે છે કે તેઓ માત્ર રહેવાસી નથી, પરંતુ આ ગામના વિકાસ માટે ભાવનાત્મક રીતે જોડાયેલા છે.

(માહિતી સંકલન અને તસવીર: વિરેન્દ્રસિંહ અટોદરિયા-ભરૂચ)